Extra No. 347

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, SEPTEMBER 26, 2025 / ASVINA 4, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/નવરાત્રિ/જાહેરનામું/૨૬૩૨/૨૦૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૧૬૦૭ થી ૧૧૬૪૨ /૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ રાજપીપળા ટાઉન વિસ્તારમાં નવરાત્રિ પર્વ નિમિત્તે તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૩/૧૦/૨૦૨૫ સુધી રાજપીપળા હરસિદ્ધિ માતાજીના મંદિરે ગરબા તેમજ હરસિદ્ધિ માતા મંદિરથી માછીવાડ ચાર રસ્તા સુધી મેળાનું આયોજન કરવામાં આવે છે. સદર નવરાત્રિ પર્વ નિમિત્તે મેળામાં મોટી સંખ્યામાં લોકો માતાજીના દર્શન કરવા તથા મેળામાં ફરવા માટે આવતા હોય તથા રોડની બન્ને સાઈડ પર દુકાનો/સ્ટોલ લગાડવામાં આવતા હોય જેથી ટ્રાફીકની સમસ્યા સર્જાય છે. તેમજ હરસિદ્ધિ માતા મંદિર નજીકમાં ભયજનક વળાંક આવેલ હોવાથી નવરાત્રિ પર્વ દરમિયાન ટ્રાફીક નિયંત્રણ કરવા સદરહુ રસ્તા પરનો વાહનવ્યવહાર ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની ૩૩(૧)(બી) તથા વંચાણ-(૨)થી મળેલ સત્તાની રૂએ રાજપીપળા શહેરના હરસિદ્ધિ માતા મંદિરથી માછીવાડ ચાર રસ્તા સુધીનો રસ્તો તા.૦૩/૧૦/૨૦૨૫ સુધી વાહનવ્યવહાર માટે બંધ કરી, વાહનવ્યવહારનો રૂટ નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

- કાલાઘોડા તરફથી આવતા વાહનો માછીવાડ ગેટ થઈ નાગરિક બેંક થઈ સફેદ ટાવર થઈ સંતોષ ચાર રસ્તા થઈ ગાંધીચોક થઈ કાળીયાભૂત થઈ વડીયા જકાતનાકા તરફ જઈ શકશે.

- વડીયા જકાતનાકા તરફથી આવતા વાહનો કાળીયાભૂત થઈ ગાંધીચોક થઈ સંતોષ ચાર રસ્તા થઈ સફેદ ટાવર થઈ નાગરિક બેંક થઈ માછીવાડ ગેટ થઈ કાલાઘોડા તરફ જઈ શકાશે.

સદરહુ રસ્તો વાહનવ્યવહાર માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાએ કરવાની રહેશે.

// **અમલવારીનો સમય** //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી તા.૦૩/૧૦/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૨૫/૦૯/૨૦૨૫

સી. કે. ઉધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:21:00 IST